# હાગ્ગાય

### મંદિરના જીર્ણોદ્ધાર માટે આહ્વાન

1 દાર્યાવેશ રાજાના બીજા વર્ષના છઠ્ઠા મહિનાની પહેલી
તારીખે પ્રબોધક હાગ્ગાય મારફત યહોવાનો સંદેશો
આવ્યો. આ સંદેશો યહૂદાના સૂબા શઆલ્તીએલના પુત્ર,
ઝરુંબ્બાબેલની, તથા પ્રમુખ યાજક યહોસાદાકના પુત્ર
યહોશુઆ માટે હતો. 2સર્વસમર્થ યહોવા હાગ્ગાયને કહે છે
કે, "આ પ્રજા કહે છે કે મારું મંદિર ફરી બાંધવાનો સમય
હજી આવ્યો નથી." 3ત્યારે પ્રબોધક હાગ્ગાય મારફતે
યહોવાએ લોકોને કહેવડાવ્યું કે, 4"આ મંદિર હજી જર્જરીત
અવસ્થામાં ઉજ્જડ પડી રહેલું છે, તે દરમ્યાન તમારે તમારા
છતવાળા રૂડાંરૂપાળાં મકાનોમાં રહેવાનો આ વખત છે શું?
5તમારી શી દશા છે તેનો વિચાર કરો. આ સર્વસમર્થ યહોવા
કહે છે. 6'તમે ઘણું વાવ્યું છે પણ ઘેર તો થોડું જ લાવ્યા છો;
તમે ખાઓ છો, પણ ધરાઈને નહીં, તમે પીઓ છો ખરા પણ
પીવાથી તૃપ્ત થતા નથી; તમે વસ્ત્રો પહેરો છો, પણ કોઈમાં
ગરમી આવતી નથી; અને જે માણસ કમાણી કરે છે તે
માણસ પોતાની કમાણીને કાણી કોથળીમાં નાખે છે.'"
7સર્વસમર્થ યહોવા કહે છે, "તમે જે રીતે વર્ત્યા છો અને
તેનું જે પરિણામ આવ્યું છે, તેનો વિચાર કરો! 8અને પર્વતો
પર જાઓ, લાકડાં લઈ આવો. અને મારા મંદિરને ફરી
બાંધો. તેનાથી મને આનંદ થશે ત્યાં મારું સન્માન થશે."
9આ સર્વસમર્થ યહોવા કહે છે, "તમે ઘણાની આશા
રાખતા હતા, પણ જુઓ તો ખરા, મળ્યું થોડું; અને જ્યારે
તમે તેને ઘેર લઈ આવ્યા ત્યારે મેં ફૂંક મારીને ઉડાવી દીધું.
શાથી? કારણ, મારું મંદિર ખંઢેર હાલતમાં પડ્યું છે ત્યારે
તમે સૌ પોતપોતાના ઘરની ચિંતામાં પડ્યા છો. 10તેથી જ હું
આકાશમાંથી આવતી ઝાકળને રોકી રાખું છું અને તમને
બહુ જ ઓછો પાક આપું છું."
11"હકીકતમાં હું સપાટ પ્રદેશમાં અને પહાડી પ્રદેશમાં
દુકાળ લાવ્યો છું. અનાજ, દ્રાક્ષો, વૃક્ષો અને અન્ય પાક
સુકાઈ જાય તેવો દુકાળ, તમે અને તમારાં પશુઓ નબળા
પડી જશો અને તમારા તમામ પાકને તેની અસર થશે."

### નવા મંદિરનું કાર્ય આરંભ

12ત્યારે ઝરુંબ્બાબેલ અને યાજક યહોશુઆએ બાકીના
લોકો સાથે મળીને તેમના દેવ યહોવાના તથા હાગ્ગાયનાં
વચનો પર ધ્યાન આપ્યું. તેઓએ યહોવાની આજ્ઞાનું પાલન
કર્યુ અને તેમનો ભય રાખ્યો.
13પછી યહોવા દેવે તેમના સંદેશાવાહક હાગ્ગાય દ્વારા
ફરીથી સંદેશો મોકલીને કહ્યું, "હું તમારી સાથે છું, હું તમને
આશીર્વાદ આપીશ."
14ત્યારે યહોવા દેવે યહૂદાના સૂબા શઆલ્તીએલના પુત્ર
ઝરુંબ્બાબેલનું તથા પ્રમુખ યાજક યહોસાદાકના પુત્ર
યહોશુઆનું મન તથા બાકી રહેલા સર્વ લોકોનું મન જાગૃત
કર્યુ; 15પછી દાર્યાવેશ રાજાના બીજા વર્ષના છઠ્ઠા માસની
ચોવીસમી તારીખે તેઓએ આવીને પોતાના દેવ, સર્વસમર્થ
યહોવાના મંદિરનું કામ શરૂ કરી દીધું.

### નવા મંદિરમાં દેવનો ભાવી વૈભવ

2 એ જ વરસના સાતમા મહિનાની એકવીસમી તારીખે
પ્રબોધક હાગ્ગાયને યહોવાની વાણી આ પ્રમાણે
સંભળાઈ: 2યહૂદિયાના સૂબા શઆલ્તીએલના પુત્ર
ઝરુંબ્બાબેલને તથા પ્રમુખ યાજક યહોસાદાકના પુત્ર
યહોશુઆને તથા બાકી રહેલા લોકોને હવે કહે કે, 3"આ
મંદિરનો અગાઉનો વૈભવ જોનારાઓમાંનો કોઈ તમારામાં
જીવતો રહ્યો છે? અને હાલ તમે તેને કેવી હાલતમાં જુઓ
છો? શું તે તમારી નજરમાં શૂન્યવત્ત નથી?
4તો પણ હવે, યહોવા કહે છે, 'હે ઝરુંબ્બાબેલ, હિંમત
હારીશ નહીં,' હે યહોસાદાકના પુત્ર યહોશુઆ, પ્રમુખ યાજક,
'બળવાન થા;' યહોવા કહે છે, 'હે દેશના સર્વ લોકો, તમે
બળવાન થઈને કામે લાગો; કારણકે હું તમારી સાથે છું,'
સર્વસમર્થ યહોવા આમ કહે છે." 5તમે જ્યારે મિસરમાંથી
બહાર આવ્યા ત્યારે મેં તમને વચન આપ્યા પ્રમાણે મારો
આત્મા તમારામાં હતો; તેથી ડરશો નહીં, 6કારણકે સર્વસમર્થ
યહોવા કહે છે, "હું થોડી જ વારમાં ફરીથી આકાશ, પૃથ્વી,
સમુદ્ર અને સૂકી ધરતીને હચમચાવી મૂકીશ. 7હું આ બધા
રાષ્ટ્રોને હચમચાવી મૂકીશ, અને તેમની ધનસંપતિ અહીં
આવશે અને આ મંદિરને હું ખજાનાથી ભરી દઈશ. 8એમ
સર્વસમર્થ યહોવા કહે છે, તેઓની ચાંદી અને સોનું મારું
છે. 9તેથી આ મંદિરની પ્રતિષ્ઠા હવે પહેલાના કરતાં ઘણી
વધારે હશે. અને આ મંદિરને હું સુખ અને શાંતિ આપીશ.
આ સર્વસમર્થ યહોવાના વચન છે."

### કાર્ય આરંભ થઈ ગયું છે વરદાન પ્રાપ્ત થશે

10દાર્યાવેશના રાજ્યકાળમાં બીજા વર્ષના નવમાં
મહિનાની ચોવીસમી તારીખે યહોવાનું વચન હાગ્ગાય

પ્રબોધક મારફતે આવ્યું. **11**સર્વસમર્થ યહોવા કહે છે, હવે તું
યાજકોને આ પ્રશ્નનો નિર્ણય કરવાનું કહે કે, **12**"જો
તમારામાંનો કોઈ તેના કપડાંની ઘડીમાં પવિત્ર માંસ લઈ
જતો હોય, અને તેનો સ્પર્શ રોટલી, દ્રાક્ષાને કે માંસને થાય,
તો શું તે પણ પવિત્ર થઈ જાય?"

**13**યાજકોએ કહ્યું; "ના," ત્યારે હાગ્ગાયે કહ્યું, "જો કોઈ
માણસ શબને અડવાથી અભડાયો હોય અને તે આ વસ્તુઓને
અડે તો એ અભડાઈ જાય ખરી?"

યાજકે જવાબ આપ્યો, "જરુર અભડાય."

**14**પછી હાગ્ગાયે સ્પષ્ટતા કરી, "યહોવા કહે છે કે 'તમારું
વલણ સ્વાર્થી છે; તમારું હૃદય ભૂંડું છે અને તેથી એ લોકો
જે કંઈ ધરાવે છે તે પણ અશુદ્ધ છે. માત્ર તમારાં અર્પણો જ
નહીં પણ મારી સેવાના નામે તમે જે કંઈ કરો છો તે બધું જ
અશુદ્ધ છે."

**15**યહોવા કહે છે, "હવે કૃપા કરીને આજથી માંડીને ભૂતકાળ
પહેલાના વખતનો વિચાર કરો, યહોવાનું મંદિર બાંધવા
માટે કોઈ પથ્થર મૂકવામાં આવ્યો હતો. **16**અગાઉ તમે જ્યાં
20 માપ અનાજની આશા રાખતા હતા, ત્યાંથી તમને માત્ર
10 જ મળતાં દ્રાક્ષાકુંડ પાસે તમે 50 માપની આશા રાખતા
ત્યાંથી તમને માત્ર 20 જ મળતાં. **17**તમે જે જે કંઈ વાવતા
તે બધાનો હું લૂ, ગેરું કે કરાથી નાશ કરતો, તેમ છતાં તમે
પાછા મારે શરણે ન આવ્યાં."

**18**પણ સાંભળો, આજ પછીથી, નવમાં મહિનાની
ચોવીસમી તારીખે મંદિરનો પાયો નાખવામાં આવ્યો છે તે
દિવસ પછીથી શું થનાર છે તેનો વિચાર કરો. **19**શું હજી
સુધી ત્યાં કોઠારમાં બી કે અનાજ છે? દ્રાક્ષની વેલો, અંજીરીઓ,
દાડમડીઓ અને જેતૂનના વૃક્ષો હજી ફળ્યાં નથી, પણ
આજથી હું તમને આશીર્વાદ આપું છું."

**20**એ જ મહિનાની ચોવીસમી તારીખે ફરી વાર હાગ્ગાયને
યહોવાની વાણી સંભળાઈ; **21**યહૂદાના રાજ્યપાલ
ઝરુંબ્બાબેલને કહે , "હું આકાશોને તથા પૃથ્વીને હચમચાવી
નાખીશ."

**22**હું રાજ્યોના સિંહાસનો તેના સ્થાનેથી હટાવી દેવાનો
છું. હું પ્રજાઓના રાજ્યોની શક્તિનો નાશ કરનાર છું. અને
તેમના રથોને અને રથીઓને ઉથલાવી નાંખનાર છું. તેમના
ઘોડાઓ જશે, અને સવારો પડી જશે અને તેઓ એકબીજા
સાથે તલવારથી લડશે. **23**પરંતુ આ બનશે ત્યારે, ઓ મારા
સેવક ઝરુંબ્બાબેલ, હું તને મારો અંગત મુદ્રા મહોર બનાવીશ.
કારણકે મેં તને પસંદ કર્યો છે."

એમ સર્વસમર્થ યહોવા કહે છે.